# હનુમાનજીનો પત્ની સાથે દુર્લભ ફોટો પરંતુ શારીરિક રૂપથી આજે પણ બ્રહ્મચારી જ છે

આંધ્ર પ્રદેશના ખમ્મમ જિલ્લામાં બનેલું હનુમાનજીનું આ મંદિર ખૂબ જ ખાસ છે. અહીં હનુમાનજી બ્રહ્મચારીના રૂપમાં નહીં પરંતુ પોતાની પત્ની સુવર્ચલા સાથે બિરાજમાન છે.

ઘણા બધા લોકો એમ માને છે કે હનુમાનજી બાળ બ્રહ્મચારી હતા. વાલ્મીકિ રામાયણ તથા રામચરિત માનસમાં બાલાજીના આ રૂપનું વર્ણન મળશે પરંતુ પરાશર સંહિતામાં હનુમાનજીના આ રૂપનો ઉલ્લેખ છે. આનું સાક્ષી છે આંધ્ર પ્રદેશના ખમ્મામ જિલ્લામાં બનેલું એક મંદિર જે હનુમાનજીના લગ્નની સાખ પુરાવે છે.

આ મંદિર પવનપુત્રના એ ચરિત્રની યાદ અપાવે છે કે જયારે તેમને લગ્નના બંધનમાં પડવું પડયું હતું પરંતુ આનો એવો અર્થ નથી કે હનુમાનજી બાળ બ્રહ્મચારી ન હતા. હનુમાનજીના આ વિવાહ થયા હતા અને તે બાળ બ્રહ્મચારી પણ હતા.

કંઈક અલગ પરિસ્થિતિઓને કારણે જ બજરંગબલીને સુવર્ચલા સાથે વિવાહના બંધનમાં બંધાવું પડયું હતું. દર અસલ હનુમાનજીએ સૂર્યને પોતાના ગુરુ બનાવ્યા હતા. હનુમાનજી સૂર્ય પાસે પોતાની શિક્ષા ગ્રહણ કરતા હતા. સૂર્યદેવ કયાંય રોકાઈ નથી શકતા. આથી હનુમાનજીએ આખો દિવસ સૂર્યદેવના રથની સાથે સાથે ઊડવું પડતું અને અને સૂર્યદેવ તેમને વિભિન્ન પ્રકારની વિદ્યાઓનું જ્ઞાન આપતા. એક દિવસ સૂર્યદેવની સામે ધર્મસંકટ આવી પડયું.

કુલ નવ પ્રકારની વિદ્યામાં હનુમાનજીને એમના ગુરુએ પાંચ પ્રકારની વિદ્યા તો શીખવી દીધી હતી



હનુમાનજી - સુવર્ચલા

> કુલ નવ પ્રકારની વિદ્યામાં હનુમાનજીને એમના ગુરુએ પાંચ પ્રકારની વિદ્યા તો શીખવી દીધી હતી પરંતુ જે ચાર પ્રકારની વિદ્યા અને જ્ઞાન બાકી હતાં તે એવાં હતાં કે તે ફક્ત વિવાહિત લોકોને જ શીખવી શકાય એમ હતું

પરંતુ જે ચાર પ્રકારની વિદ્યા અને જ્ઞાન બાકી હતાં તે એવાં હતાં કે તે ફક્ત વિવાહિત લોકોને જ શીખવી શકાય એમ હતું. હનુમાનજી પૂરી શિક્ષા લેવાના પ્રણ લઈ ચૂક્યા હતા અને ઓછી વિદ્યા શીખવાનું માનવા તે કોઈ રીતે તૈયાર ન હતા. આ બાજુ ભગવાન સૂર્યદેવ સામે સંકટ એ હતું કે ધર્મના અનુશાસનને કારણે અવિવાહિત લોકોને તે અમુક વિદ્યા શીખવાડી શકે તેમ ન હતા.

આવી પરિસ્થિતિમાં સૂર્યદેવે હનુમાનજીને વિવાહ કરવાની સલાહ આપી. હનુમાનજી પોતાનું પ્રણ પૂરું કરવા માટે વિવાહના બંધનમાં બંધાઈ શિક્ષા ગ્રહણ કરવા માટે તૈયાર થઈ ગયા પરંતુ હનુમાનજી માટે કન્યા ક્યાંથી લાવવી એ પણ બધાને માટે ચિંતાનો વિષય હતો. સૂર્યદેવે પોતાની પરમ તપસ્વી અને તેજસ્વી પુત્રી સુવર્ચલાને હનુમાનજી સાથે વિવાહ કરવા માટે મનાવી લીધી. પછી હનુમાનજીએ પોતાની શિક્ષા પૂરી કરી અને સુવર્ચલા હંમેશાંને માટે તપસ્યામાં લીન થઈ ગઈ. આવી રીતે હનુમાનજી ભલે વિવાહના બંધનમાં બંધાયેલા હોય પરંતુ શારીરિક રૂપથી આજે પણ બ્રહ્મચારી જ છે.

પારાશર સંહિતામાં લખ્યું છે કે ખુદ સૂર્યદેવે આ વિવાહ પર કહ્યું કે આ વિવાહ બ્રહ્માંડના કલ્યાણ માટે થાય છે અને આનાથી હનુમાનજીના બ્રહ્મચર્યમાં કોઈ પ્રભાવ નહીં પડે.

# પરિશ્રમનું ફળ જ મીઠું હોય છે

એક ખેડૂત હતો, એ ઘણો ગરીબ હતો. તેની પાસે થોડી જમીન હતી. એ ખેડીને તેમાંથી જે કંઇ મળે તેમાં સુખેથી પોતાના પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ક્યારેક મુશ્કેલીઓ ઊભી થતી પણ ભગવાન પર શ્રદ્ધા રાખી મહેનત કરતો એટલે જરૂરી પૈસા મળી રહેતા અને તકલીફ દૂર થઇ જતી.

એક વાર એ ખેતરમાં જતો હતો ત્યારે રસ્તામાં એક વૃદ્ધ સ્ત્રી બેભાન પડેલી જોઇ. ખેડૂતનું હૃદય દ્રવી ગયું, તેણે સ્ત્રીને ઊંચકીને એક વૃક્ષ નીચે સૂવડાવી અને નજીકમાંથી પાણી લઇ આવી તે સ્ત્રીના મોંઢા ઉપર પાણી છાંટ્યું. જેથી સ્ત્રી ભાનમાં આવતી જણાઇ, ખેડૂતે એ ડોશીને થોડું પાણી પીવડાવ્યું.

થોડી વારે એ વૃદ્ધા ભાનમાં આવી અને ખેડૂતને કહે, ‘‘બેટા તેં મારી સેવા કરી મને જીવતદાન આપ્યું છે પણ તારા ઉપરકારનો હું બદલો વાળી શકું તેમ નથી, તેમ છતાં મારી પાસે મારા ગુરુએ આપેલી એક વીંટી છે, તે તને આપવા માગું છું’’ અને એક વીંટી સાલ્લાના છેડેથી છોડી પેલા ખેડૂતને આપી.

પછી સ્ત્રીએ કહ્યું; ‘‘જો આ વીંટી ખૂબ કિંમતી છે, એ સાચવી રાખજે અને જ્યારે તકલીફ પડે ત્યારે એની પાસે તું જે માગીશ, તે તને મળી રહેશે. આ વીંટીનો ઉપયોગ

> જો આ વીંટી ખૂબ કિંમતી છે, એ સાચવી રાખજે અને જ્યારે તકલીફ પડે ત્યારે એની પાસે તું જે માગીશ, તે તને મળી રહેશે. આ વીંટીનો ઉપયોગ એ રીતે એક જ વાર કરી શકાશે. બીજી વાર થઇ શકશે નહીં

એ રીતે એક જ વાર કરી શકાશે. બીજી વાર થઈ શકશે નહીં. મેં પણ તેનો ઉપયોગ કર્યો નથી, સાચવી રાખી છે એટલે ખરા અણીના ટાઈમે જ તેનો ઉપયોગ કરજે.’’

ખેડૂત ખુશ થતો ઘેર ગયો અને વીંટી ઠેકાણે મૂકી દીધી. બીજા દિવસે ખેડૂતે વિચાર્યું કે, આ વીંટી મારા મિત્ર સોનીને બતાવી જોઉં અને એ સોની પાસે ગયો, એ વીંટી અંગેની બધી વાત સોનીને કરી. સોનીએ કહ્યું; ‘‘આજે આ વીંટી મૂકી જાવ, હું ચકાસણી કરીને કાલે પાછી આપીશ.’’

ભોળો ખેડૂત વાત માની ગયો, બીજા દિવસે ખેડૂત એ વીંટી લેવા સોની પાસે ગયો, સોનીએ એ વીંટી જેવી જ



બીજી વીંટી બનાવીને ખેડૂતને આપી દીધી, ખેડૂત એ વીંટી લઈ ઘેર ગયો.

આ તરફ સોનીને થયું કે આ વીંટીના ચમત્કારની ખાતરી કરવી જોઈએ અને રાત્રે વીંટીને કહ્યું; ‘‘મારા ઘરમાં સોનાનો વરસાદ વરસાવો’’ અને તરત જ ઘરમાં સોનાનો ધોધમાર વરસાદ વરસ્યો. ધડાધડ પડતા સોના નીચે પેલો સોની દબાઇ ગયો અને મરી ગયો.

અજવાળાં
દુર્ગેશ ઉપાધ્યાય

પેલો ખેડૂત વીંટી લઇ ઘેર ગયો પછી વીંટી પત્નીને આપીને કહ્યું, ‘‘ખરી મુશ્કેલી ટાણે કામ લાગશે. જરૂર પડશે ત્યારે વીંટી પાસે માગી લઇશું.’’ જો કે, એ વીંટી બીજી હતી એ ખેડૂતને ખબર ન હતી.

ખેડૂત તો રોજિંદા જીવનમાં વ્યસ્ત રહેતો, પરિશ્રમ કરતો અને ભગવાન પર શ્રદ્ધા રાખતો એટલે એની ખેતી સારી પાકતી. મહેનતના કારણે ક્યારેય એને તકલીફ પડી નહીં, એટલે વીંટી વિષે વાત જ ભુલાઇ ગઇ.

આમ પરિશ્રમનું ફળ મીઠું હોય છે. લોભ કે લાલચનું ફળ કદી સારું હોતું નથી. શ્રમથી મળેલું ટકે છે અને શાંતિથી ખાઇ શકાય છે. લોભ કે ખોટી રીતે મેળવેલું ધન ટકતું નથી અને તે ખરાબ પરિણામ આપે છે માટે જીવનમાં સુખી થવા પરિશ્રમનો વિકલ્પ નથી.

## સપ્તાહના વ્રત-તહેવારો તા. ૨૪ થી તા. ૩૦ માર્ચ-૨૦૨૫



### તા. ૨૪ સોમવાર
ફાગણ વદ દસમ

### તા. ૨૫ મંગળવાર
ફાગણ વદ એકાદશી, પાપમોચની એકાદશી, ચારોળી, સ્માર્ત

### તા. ૨૬ બુધવાર
ફાગણ વદ બારસ, પાપમોચની એકાદશી ચારોળી, ભાગવત્ પંચક, પ્રારંભ 3.15 કલાકે

### તા. ૨૭ ગુરુવાર
ફાગણ વદ તેરસ પ્રદોષ, શિવરાત્રી, પંચક

### તા. ૨૮ શુક્રવાર
ફાગણ વદ ચૌદશ, એકલિંગજી પાટોત્સવ, પંચક, શબ્બેકદ્ર (મુ)

### તા. ૨૯ શનિવાર
ફાગણ વદ અમાસ ખગ્રાસ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, દર્શ અમાસ

### તા. ૩૦ રવિવાર
ચૈત્ર સુદ એકમ, ચેટીચાંદ, હેગડેવાર જયંતી, ચંદ્રદર્શન, રમઝાન ઇદ, ચૈત્રી નવરાત્રિ પ્રારંભ, ગુડી પડવો, શક સંવત 1947નો પ્રારંભ, પંચક સમાપ્ત સાંજે 4.37 કલાકે, રાજસ્થાન દિવસ, આર્યસમાજ સ્થાપના દિન

## સુવિચાર

સાચો શિક્ષક એ છે જે દુનિયાને પ્રેમ અને સમજૂતી આપે. જેનો અનુભવ હોય છે, તે જ પરફેક્ટ શિક્ષક બની શકે છે. જે આત્મવિશ્વાસ અને શ્રદ્ધાથી આગળ વધે છે, તે હંમેશા સફળ થાય છે

...

લોકો સવારની શરૂઆત એક સારા વિચારથી કરે એ અમારું સ્વપ્ન છે.